# એડીસી બેંકની ૨૦૦મી બ્રાંચનો ગોતામાં શુભારંભ

અમદાવાદ, તા.૨૨

ગુજરાત રાજયની જિલ્લા સહકારી બેંકમાં સૌથી વધુ ૨૦૦ શાખાઓનું નેટવર્ક ધરાવતી અગ્રીમ હરોળની ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો.ઓ.બેંક લિ.ની એસ.જી હાઈવે પર ૨૦૦મી ન્યુ ગોતા શાખાનું આજરોજ કેન્દ્રીય કેમીકલ અને ફર્ટિલાઈઝર મંત્રી મનસુખ માંડવીયાના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન, નાબાર્ડના ચીફ જનરલ મેનેજર ડી.કે.મિશ્રા, અમદાવાદ કલેકટર ડો.વિક્રાંત પાંડે, શહેરના મેયર શ્રીમતી બીજલબહેન પટેલ સહિતના મહાનુભાવો, બેંકના ડિરેકટરો, સહકારી આગેવાનો સહિતના મહાનુભાવો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સને ૨૦૦૦ની સાલમાં એડીસી બેંક બહુ નુકસાનીમાં હતી પરંતુ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એ વખતના કપરા સમયે બેંકનુ સુકાન સંભાળ્યા બાદ બેંકને આર્થિક કટોકટી અને નુકસાનીની સ્થિતિમાં બહાર લાવી નફો કરતી બનાવી હતી. આજે અમિત શાહના જન્મદિવસ નિમિતે એડીસી બેંકની આ ૨૦૦મી શાખાનું ઉદ્‌ઘાટન કરાયું ત્યારે આ પ્રસંગે અમિત શાહના બેંકના ઉત્કર્ષ અને વિકાસ માટે અપાયેલા બહુમૂલ્ય યોગદાનને બિરદાવાયું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે, એડીસી બેંક ટ્રસ્ટીશીપના સિધ્ધાંત મુજબ કામ કરી રહી છે અને તેના કારણે થાપણદારોનો મોટો ભરોસો તેની પર છે. એડીસી બેંકનું મોડલ માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશમાં અપનાવાય અને રાષ્ટ્રનિર્માણમાં સૌ કોઈ સહભાગી બને તે ઈચ્છનીય છે.



આજના ઉદ્‌ઘાટન પ્રસંગમાં એડીસી બેંકના ચેરમેન અજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના જન્મદિન અને કલમ-૩૭૦ની નાબૂદીના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઐતિહાસિક પગલાની ઉજવણીના ભાગરૂપે બેંક દ્વારા ખાસ રકતદાન શિબિરનું આયોજન કરી ૩૭૦ બોટલ લોહી એકત્ર કરવામાં આવ્યું હતુ અને તેનું પ્રમાણપત્ર ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીને એનાયત કરાયું હતું. તેમણે ઉમેર્યું કે, અમિત શાહની દીર્ઘદ્રષ્ટિ અને કુનેહપૂર્વકના વહીવટી આયોજનના કારણે બેંક નફો કરતી થઈ અને સભાસદોને ડિવીડન્ડ અપાવાની શરૂઆત થઈ. આજે બેંકની કુલ ડિપોઝીટ રૂ.૭ હજાર કરોડ ઉપરાંત, લો કોસ્ટ ડિપોઝીટ રૂ.૨૭૦૦ કરોડથી વધુની છે. બેંકનું ધિરાણ રૂ.૩૯૦૦ કરોડથી વધુનુ છે.જે પૈકી એગ્રીકલ્ચર ધિરાણ રૂ.૨૪૦૦ કરોડ છે. આમ, બેંકનો કુલ બિઝનેસ રૂ.દસ હજાર કરોડને પાર થવા જઈ રહ્યો છે. દરમ્યાન આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીને જણાવ્યું કે, એડીસી બેંક એશિયાની સૌથી મોટી બેંક છે. તેનું શેરભંડોળ રૂ.૫૪.૭૦ કરોડ તથા બેંકનું રિર્ઝવ ફંડ રૂ.૪૯૧ કરોડનું છે. બેંક સતત છેલ્લા છ વર્ષથી ઝીરો નેટ એનપીએ સાથે બેંકનો વહીવટ નફા સાથે ચાલી રહ્યો છે. આ પ્રસંગે ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, એડીસી બેંક આપણી પોતાની બેંક છે અને બેંકના વિકાસમાં અમિતભાઈ શાહનું બહુ મોટુ યોગદાન રહ્યું છે. જેમણે ખેડૂતો, નાના અને મધ્યમવર્ગના લોકો માટે બેંક મારફતે અનેક આયામો જોડયા. તો, ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, એડીસી બેંકે ખેડૂત વર્ગ, સભાસદો, ખાતેદારો, નાના અને મધ્યમ વર્ગ સહિત તમામ લોકોમાં એક મજબૂત વિશ્વસનીયતા ઉભી કરી છે. અગાઉ ખેડૂતોને ખેતીવિષયક ધિરાણમાં ૧૭થી ૧૮ ટકા જેટલા ઉંચા વ્યાજના દરોની સામે આજે ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે પાક ધિરાણ મળી રહે છે. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે બેંકના વિકાસ અને તેની સફળ સફર માટે અમિતભાઈ શાહ અને ચેરમેન અજયભાઈ પટેલની કામગીરીને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, આ બેંક થોડા વર્ષોમાં તેના સો વર્ષ એટલે કે, શતાબ્દી વર્ષની ઉજવણી કરવા જઈ રહી છે, તે ગૌરવપૂર્ણ બાબત કહી શકાય. બેંકના ડિરેકટર બિપીનભાઈ પટેલે આજના પ્રસંગની આભારવિધિ કરી હતી.

# વિદ્યાપીઠમાં ગળથૂથીમાં ગાંધી વિચાર : અજીમ પ્રેમજીનો મત

## સાતને પીએચડી, ૨૫ને એમફીલ, ૩૫૫ને એમએ અને ૨૦૪ વિદ્યાર્થીઓને સ્નાતક ડિગ્રી

અમદાવાદ, તા.૨૨

ગૂજરાત વિદ્યાપીઠનો આજે ૬૬મો પદવીદાન સમારંભ યોજાયો હતો જેમાં મુખ્ય તરીકે વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજી ઉપસ્થિત રહયા હતા. તેમણે વિદ્યાર્થીઓને દિક્ષાંત પ્રવચન આપ્યુ હતુ જેમાં ગાંધીજીના જીવન મૂલ્યો આજે પણ પ્રસ્તુત હોવાનું કહીને ગાંધીવિચારની ગળથૂથી અપવનાવી સફળતાના સોપાન સર કરવા તેમણે વિદ્યાર્થીઓને શીખ આપી હતી. સામાન્ય રીતે વિદ્યાપીઠનો પદવીદાન તા.૧૮મી ઓક્ટોબરે યોજવામાં આવે છે, પરંતુ આ વખતે ચાર દિવસ મોડો તા.૨૨ ઓક્ટોબરે યોજાયો હતો. આજના પદવીદાન સમારંભમાં ઉપસ્થિત રહેનારા તમામને માન્ય સફેદ ગણવેશ સફેદ ટોપી સાથે પહેરીને આવવા સૂચના અપાઈ હતી. જેને પગલે સૌ કોઈએ ખાદીના સફેદ વસ્ત્રો અને ગાંધી ટોપી પહેરી હતી. ગુજરાત વિદ્યાપીઠના આ વાર્ષિક સમારંભમાં ડિગ્રીઓ એનાયત કરવામાં આવી હતી. જેમાં ૨૭ વિદ્યાર્થીને પીએચડીની ડિગ્રી, ૨૫ વિદ્યાર્થીઓને એમ.ફીલ, ૩૫૫ વિદ્યાર્થીઓને એમ.એ., અને ૨૦૪ વિદ્યાર્થીઓને સ્નાતકની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. વિદ્યાપીઠના પ્રાણજીવન વિદ્યાર્થીભવનમાં સવારે આ સમારંભ શરૂ થયો હતો. સવારે સર્વધર્મ પ્રાર્થના બાદ વિદ્યાર્થીમંડળ દ્વારા સમારંભના અધ્યક્ષ કુલપતિ અને મુખ્યમહેમાનને ખાદી અર્પણ કરીને સ્વાગત અને આવકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ પદવીદાન સમારંભનો આરંભ થયો હતો. પદવીદાન સમારંભના અધ્યક્ષ કુલપતિ દ્વારા વિદ્યાર્થીઓને પદવી પ્રમાણપત્ર તથા પારિતોષિક અર્પણ કરવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજીએ દિક્ષાંત પ્રવચન આપતાં ગાંધીજીના વિચારોની મૂડી વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે, જીવનમાં સત્ય બોલવું. સત્યવચનીનો વિજય હંમેશા થાય છે. હા થોડી વાર લાગે છે પણ અંતે જે સત્ય હોય તે જ વિજયી બને છે. તેમણે તે પછી નિષ્ઠા અને પ્રામાણિકતાના ગુણને જીવનના ગુરુ ગણાવ્યા હતા. પ્રામાણિકતાનો ગુણ તમને દુનિયાની હરોળમાંથી સૌથી નોખા ઉભા રાખી દે છે. જો કે, ગાંધીજીની સંસ્થા એટલે કે વિદ્યાપીઠમાં તો ગળથૂથીમાં જ ગાંધીવિચાર મળે છે એટલે હું તેમને વધુ શું કહુ? ગમે તેવો સંઘર્ષ આવે તમે તમારા નીતિ મૂલ્યોને મૂકતા નહી. વળગી રહેજો. જેમ ગાંધીજી પોતાના આદર્શો અને જીવન મૂલ્યોને વળગી રહ્યા હતા તેમ. તમારી સફળતાને કોઈ નહીં રોકી શકે. તમે ખુદ પણ નહીં. મારી સફળતા તો મને આ જ રીતે પ્રાપ્ત થઈ છે.



## ૩૩૦૦ લાખના વિકાસ કામની ઉંડી સમીક્ષા થઈ

અમદાવાદ,તા.૨૨

મંત્રી મહેસુલ કૌશિક પટેલ, સુરત જિલ્લાના પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા આયોજન સમિતિની બેઠક મળી હતી. જેમાં સુરત જિલ્લા આયોજન મંડળના વર્ષ ૨૦૧૯-૨૦ના ૩૩૦૦ લાખના મંજુર કરાયેલ વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં મંત્રી દ્વારા આયોજન મંડળના મંજુર થયેલ વિવિધ વિકાસ કામોની સમીક્ષા કરી, સુરત જિલ્લાના તાલુકા અને ગામોમાં પાયાના વિકાસલક્ષી કામો જેવા કે શિક્ષણ, પોષણ, આરોગ્ય, માર્ગ અને મકાન, પાણી પુરવઠામાં સંતુલન જળવાઈ રહે તે રીતે આયોજન કરવા ઉપસ્થિત રહેલ સભ્યો ને જણાવ્યું, પ્રભારી મંત્રીએ ર થ ા ા િ ન ક ક ક્ષ ા ા અ ે જનપ્રતિનિધિઓના સંકલનમાં રહી કામોની અગ્રમીતા નક્કી કરી આયોજનમાં સમાવેશ કરવા પર ભાર આપ્યો હતો. મહેસૂલ મંત્રી અને પ્રભારી મંત્રીએ જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે સુરત જિલ્લાના અન્ય વિકાસના મોટા પ્રોજેક્ટસની પણ સમીક્ષા કરી કામગીરી સમયસર અને ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે માટે સુચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્યો તથા જિલ્લા આયોજન સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

# નરેન્દ્ર મોદી ૩૧ ઓક્ટોબરે ગુજરાતની મુલાકાતે આવશે

## સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના અવસર પર ગુજરાત આવશે : અમિત શાહ ૨૫મીએ ગુજરાત યાત્રાએ

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય ‘‘શ્રી કમલમ’’ કોબા, ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, હું ગુજરાતનું ગૌરવ, માર્ગદર્શક, કુશળ રાજનીતિજ્ઞ, સ્પષ્ટવકતા, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને દેશના ગૃહમંત્રી આદરણીય અમિત શાહને ગુજરાત ભાજપાના લાખો કાર્યકર્તાઓ તથા ગુજરાતની જનતા વતી જન્મદિનની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું. સંસદસભ્ય તરીકે વારંવાર ગાંધીનગર લોકસભા વિસ્તારની મુલાકાત લઈ વિકાસકાર્યોની સમિક્ષા કરતા અમિત શાહ આગામી ૨૫ અને ૨૬ ઓક્ટોબર ૨૦૧૯એ પુનઃએકવાર ગુજરાતની મુલાકાત લેશે તથા ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. વાઘાણીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી ૨૫ ઓક્ટોબરના રોજ સવારે ૯.૩૦ કલાકે ગાંધીનગર ખાતે લાભાર્થીઓને સહાય વિતરણના કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ સવારે ૧૧.૦૦ કલોલ ખાતે ઓવરબ્રિજના લોકાર્પણ તેમજ કલોલ એપીએમસીના પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન તથા નવી એપીએમસી કચેરીના બાંધકામનું ખાતમુહૂર્ત કરશે. આ ઉપરાંત દિવ્યાંગો માટે સાધન-સહાય વિતરણ કાર્યક્રમમાં જોડાશે. ત્યારબાદ આગામી તારીખ ૨૬ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ બોપલ ખાતે ઔડા દ્વારા પૂર્ણ કરાયેલા વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે તેમજ સાણંદ ખાતે લાભાર્થીઓને સહાય વિતરણ અને અન્ય વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. વાઘાણીએ જણાવ્યું હતું કે, આગામી ૩૧મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ‘‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’’ની મુલાકાત લઈ ‘‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’’ ખાતે યોજાનાર વિશેષ કાર્યક્રમમાં હાજરી આપશે. ‘‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’’ આજે વિશ્વમાં એક આગવી ઓળખ ધરાવતું સ્થાન બની ચૂક્યુ છે અને દેશ-વિદેશના લોકો બહોળી સંખ્યામાં સરદાર સાહેબની વિશાળ પ્રતિમાને નિહાળી અભિભૂત થઈ રહ્યા છે. દિવાળી પર્વ પહેલા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને દિવાળી પર્વ પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના આંગણે પધારી રહ્યા છે તે ખૂબ જ આનંદની વાત છે. વાઘાણીએ જણાવ્યું હતું કે, તારીખ ૨૧ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ યોજાયેલ ગુજરાત વિધાનસભાની ૬ બેઠક પરની પેટાચૂંટણીમાં તમામ બેઠકો પર જનતાજનાર્દનના આશીર્વાદથી ભાજપનો વિજય નિશ્ચિત છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી તથા અમિત શાહની પ્રજાલક્ષી કામગીરી અને રાજ્યમાં વિજય રૂપાણી- નીતિન પટેલની સંવેદનશીલ સરકારની કાર્યશૈલીથી ભાજપા જનતામાં પોતાનો વિશ્વાસ પ્રસ્થાપિત કરવામાં સફળ નીવડી છે.

# વાઘાણીની આગેવાનીમાં આજે ભાજપની બેઠક

આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ કોબા, ગાંધીનગર ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલે સવારે ૧૦.૩૦ કલાકે ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશના મુખ્ય અગ્રણીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે, જેમાં આગામી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યાથી સાંજ સુધી ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ કોબા, ગાંધીનગર ખાતે પ્રદેશ બેઠક યોજાશે. સંગઠન સરચનાની કામગીરી, સેવા સપ્તાહ કાર્યક્રમો, નનામિ દેવી નર્મદે કાર્યક્રમો, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી જન્મ જયંતિ કાર્યક્રમો તથા સંપર્ક અભિયાન જેવા કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરી માર્ગદર્શન આપવામાં આવશે તેમજ આગામી ૨૮ ઓક્ટોબરથી ૧૦ નવેમ્બર ૨૦૧૯ સુધી ભાજપા દ્વારા જીલ્લા કક્ષાએ દર વર્ષની જેમ દિવાળી સ્નેહમિલન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેમાં જમ્મુ-કાશ્મીર અને નર્મદાના સંદર્ભમાં ડોક્યુમેન્ટરી બનાવવામાં આવશે તેમજ જે-તે જિલ્લાકક્ષાએ કરવામાં આવેલ ત્રણ વર્ષની વિકાસલક્ષી કામગીરી અંગેની પ્રદર્શની મુકવામાં આવશે. આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારઓ, મોરચાના પ્રદેશ પ્રમુખઓ, જીલ્લા/મહાનગરના પ્રભારીઓ, જીલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીઓ, સંગઠન પર્વના પ્રદેશ અને ઝોન ઈન્ચાર્જ-સહઈન્ચાર્જઓ, સંગઠન પર્વના જીલ્લા/મહાનગરના ઈન્ચાર્જઓ તથા પ્રદેશ દ્વારા નિયુક્ત કરેલ જીલ્લા/મહાનગરના સંરચના અધિકારીઓ તથા સહ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# મોદી સાથે નોબલ પુરસ્કાર જીતનાર અભિજીતની ચર્ચા

નોબલ પુરસ્કાર મળ્યા બાદ ભારતીય અર્થવ્યવસ્થા પર કરવામાં આવેલી ગંભીર ટિપ્પણીને લઈને અભિજીત બેનર્જી આજે પત્રકારોના પ્રશ્નોના જવાબ ટાળતા નજરે પડ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કર્યા બાદ જ્યારે મિડિયાની સમક્ષ આવ્યા ત્યારે એક પત્રકાર પ્રશ્ન કર્યો હતો ત્યારે ખુબ જ રોચક જવાબ આપ્યો હતો. અભિજીત બેનર્જીએ વડાપ્રધાનના જ નિવેદનનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, તેઓ પત્રકારો દ્વારા ફેંકવામાં આવેલી જાળમાં ફસાશે નહીં.

કારણ કે, વડાપ્રધાન સાવચેત કરી ચુક્યા છે. મોદી સાથે વાતચીત કર્યા બાદ તેમણે કહ્યું હતું કે, તેમની વાતચીત ખુબ ફળદાયી રહી છે. મોદી સાથે વાતચીતની શરૂઆત એક મજાક સાથે થઈ હતી. મોદી વિરોધી હોવાને લઈને તેમના ઉપર આક્ષેપો થતાં રહ્યા છે. અભિજિતે કહ્યું હતું કે, વડાપ્રધાન ટીવી નિહાળે છે અને તેમની દરેક ચીજ પર નજર રહે છે.

## બસો દોડાવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કક્ષાએ બસના રૂટનુ આયોજન કરી દેવાયુ છે.જેમાં ટ્રાફિકને ધ્યાને લઈને આ રૂટમાં સતત બસો દોડાવાશે જેથી તહેવારના દિવસોમાં પરિવારજનો સાથે નિકળતા નાગરિકોને બસ સેવાના મામલે કોઈપણ પ્રકારની હાલાકી વેઠવી ન પડે દિવાળીના દિવસોમાં પણ વધારાની બસ સેવા દોડાવી એસ ટી નિગમ વધારાની આવક મેળવી લે છે. નગરજનોને ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી ન કરવી પડે તે માટે સલામત સવારી એસ ટી અમારીએ નવતર આયોજન કર્યુ છે.

## વર્ગીકરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિકાલ થાય તે જરૂરી હોવાનું પણ જણાવ્યુ હતુ.

માહિતી અધિકાર અન્વયે મળેલ રજુઆતો અંગે દરેક શાખા એક અલાયદુ રજીસ્ટર નિભાવે તેમજ હાલ શુ સ્થિતિ છે તે પણ રિમાર્કસમાં લખે. આ બાતોમાં કોઈપણ પ્રકારની બેદરકારી સાંખી લેવામાં આવશે નહિ તેવી સ્પષ્ટ ચીમકી પણ જિલ્લા વિકાસ અધિકારીએ આપી હતી.

બેઠકમાં નવા વર્ષ દરમ્યાન હાથ ધરવાના યોજનાકીય કામો અંગેનો રોડમેપ તૈયાર કરવા પણ જરૂરી સૂચનાઓ આપી હતી.

## ઓઈલની વિગત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંગ્રહ, વેચાણ કરતા તમામ વેપારીઓએ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એકટ-૨૦૦૬ તથા તેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમણે ઉમેર્યુ કે, વેપારીઓ દ્વારા વેચાણ કરાતી ખાસ કરીને દુધની બનાવટો માટે પેક તથા લુઝમાં મીઠાઈમાં બેસ્ટ બીફોર/યુઝડ બાય ડેટ અવશ્ય લખવાની રહેશે. તમામ વેપારીઓએ સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્થિતિમાં જ ખાદ્યચીજવસ્તુ બનાવવાની, વેચાણ કરવાની તેમજ સંગ્રહ કરવાની રહેશે. કોઈપણ જાતના અમાન્ય કલર/સુગંધીત દ્રવ્યો કે એડીટીવ્સ વાપરવાના રહેશે નહીં. ખાદ્યતેલનો વારંવાર તળવા માટે ઉપયોગ કરવાનો રહેશે નહીં તમામ ખાદ્યચીજવસ્તુઓના પેકીંગ ઉપર યોગ્ય ટેબલ તથા શેલ્ફ લાઈફ અવશ્ય લખવાની રહેશે. જે મીઠાઈ કે ફરસાણનું લુઝ અવસ્થામાં વેચાણ કરવામાં આવે છે તેના કન્ટેઈનર કે ટ્રે ઉપર બેસ્ટ બિફોર અથવા યુઝ બાય ડેટ અવશ્ય લખવાના રહેશે તેમજ તે મીઠાઈ કે ફરસાણ જે ખાદ્યતેલ/ઘી કે વનસ્પતિમાંથી બનાવવામાં આવ્યું છે તેની વિગત અવશ્ય જાહેર કરવાની રહેશે. ડેરી આધારિત ઉત્પાદનોના સ્ત્રોતનો રેકર્ડ અવશ્ય નિભાવવાનો રહેશે. એફએસએસએઆઈનું લાયસન્સ/રજીસ્ટ્રેશન નાગરિકો જોઈ શકે તે રીતે લગાવવાનું રહેશે. તેમજ હંગામી ધોરણે માંડવા/સામિયાણા બાંધીને વેચાણ કરતા વેપારીઓએ રજીસ્ટ્રેશન અવશ્ય કરવાનું રહેશે. આ અંગેની વિગતવાર ગાઈડ લાઈન એફએસએસએઆઈની વેબસાઈટ પર ઉપલબ્ધ છે એમ, વધુમાં જણાવાયું છે.

## વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાના નામ પર કરી હતી. રાંચી ટેસ્ટમાં ભારતે પહેલા બેટિંગ કરીને નવ વિકેટે ૪૯૭ રન બનાવી દાવ ડિકલેર કર્યો હતો. ત્યારબાદ ત્રીજા દિવસે આફ્રિકી ટીમ પ્રથમ ઈનિંગ્સમાં ૧૬૨ રન કરીને આઉટ થઈ ગઈ હતી. જેથી તેને ફોલોઓનની ફરજ પડી હતી. ફોલોઓન થયા બાદ પણ આફ્રિકાની ટીમ બીજા દાવમાં કોઈ સારી બેટિંગ કરી શકી ન હતી. પ્રથમ ઈનિંગ્સમાં ૧૬૨ રનમાં ઓલઆઉટ થયા બાદ ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ આફ્રિકાને ફોલોઓનની ફરજ પાડી હતી. ત્યારબાદ બીજી ઈનિંગ્સમાં પણ આફ્રિકાના બેટ્સમેનો સંઘર્ષ કરતા નજરે પડ્યા હતા અને ઝડપથી ૧૩૨ રનમાં આઠ વિકેટ ત્રીજા દિવસે ગુમાવી દીધી હતી. ભારતે પુણે ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકાને એક ઈનિંગ્સ અને ૧૩૭ રને હાર આપીને ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી. કેપ્ટન વિરાટ કોહલીના અણનમ ૨૫૪ રન બાદ ભારતીય બોલરોના શાનદાર દેખાવના પરિણામ સ્વરુપે ભારતે આ ટેસ્ટ મેચ ચોથા દિવસે જ પોતાના નામ ઉપર કરી હતી. પ્રથમ ઈનિંગ્સમાં ૨૭૫ રન પર ઓલઆઉટ થઈ ગયા બાદ દક્ષિણ આફ્રિકાને કેપ્ટન વિરાટ કોહલીએ ફોલોઓનની ફરજ પાડી હતી અને બીજી ઈનિંગ્સમાં આફ્રિકાના બેટ્સમેન ફરી એકવાર નિસહાય દેખાયા હતા. બીજી ઈનિંગ્સ ચોથા દિવસે અંતિમ સેશનમાં ટી બાદ પૂર્ણ થઈ ગઈ હતી. ટીમ ઈન્ડિયાએ આ ટેસ્ટ મેચમાં વિરાટ કોહલીની બેવડી સદી અને મયંક અગ્રવાલના ૧૦૮ રનની મદદથી પ્રથમ ઈનિંગ્સમાં પાંચ વિકેટે ૬૦૧ રન બનાવ્યા હતા. મહેમાન દક્ષિણ આફ્રિકાની ટીમ પોતાની બે ઈનિંગ્સ ૨૭૫ અને ૧૮૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આની સાથે જ બંને ઈનિંગ્સ મળીને પણ આફ્રિકાની ટીમ ભારતના સ્કોર સુધી પહોંચી શકી ન હતી.ટીમ ઈન્ડિયાના તમામ બોલરોએ જોરદાર દેખાવ કર્યો હતો. આફ્રિકાના બેટ્સમેનો મેદાન ઉપર ટકી શક્યા નહતા. જે પીચ ઉપર દક્ષિણ આફ્રિકાની ટીમ ઝડપી અને સ્પીન બોલિંગ સામે નિસહાય દેખાઈ હતી ત્યાં ભારતીય બોલરોએ શાનદાર રમત દર્શાવી હતી. વર્તમાન શ્રેણીમાં શાનદાર દેખાવ કરનાર રોહિત શર્માની મેન ઓફ દ મેચ અને સિરિઝ માટે પસંદગી કરવામાં આવી હતી. વર્તમાન શ્રેણીમાં રોહિત શર્માએ અનેક રેકોર્ડ સર્જ્યા હતા તે એક શ્રેણીમાં ધરખમ દેખાવ કરનાર ખેલાડીઓની યાદીમાં જોડાયો હતો.

## ખોરવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એસોસિએશન (એઆઈબીઈએ) અને બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયામાં આશરે ૩૫૦૦૦૦ કર્મચારીઓ આજે હડતાળ પર ઉતર્યા નથી. હડતાળના પરિણામ સ્વરુપે બેંકિંગ ઓપરેશનને માઠી અસર થઈ હતી. ગઈકાલે યોજાયેલી વાતચીત ફ્લોપ રહ્યા બાદ હડતાળ પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૧૦ જાહેર ક્ષેત્રની બેંકોને ચાર બેંકોમાં ફેરવી દેવાના સરકારના નિર્ણય સામેના વિરોધમાં બેંક યુનિયનો હડતાળ પર છે. બેંક યુનિયનોએ બોલાવવામાં આવેલી બેઠક સફળ ન રહેતા બેઠકને રદ કરીને હડતાળ ઉપર આગળ વધવાનો નિર્ણય કર્યો હતો. ચીફ લેબર કમિશનર (સેન્ટ્રલ) દ્વારા વાતચીત માટે બેઠક બોલાવવામાં આવી હતી પરંતુ આ વાતચીત નિષ્ફળ ગઈ હતી. શ્રમ મંત્રાલય દ્વારા વાતચીતના પ્રયાસો કરવામાં આવ્યા હતા. બે એસોસિએશન દ્વારા ૧૦ બેંકોને ચાર બેંકોમાં ફેરવી નાંખવાના સરકારના નિર્ણય સામે હડતાળ પાડવાનો નિર્ણય કર્યો હતો. છ મહત્વપૂર્ણ રાષ્ટ્રીયકૃત બેંકોને બંધ કરવાનો નિર્ણય પણ લેવામાં આવી ચુક્યો છે. એઆઈબીટીએના જનરલ સેક્ટરી વેંકટચલમે આજે કહ્યું હતું કે, શ્રમ મંત્રાલયમાં ચીફ લેબર કમિશનર દ્વારા નવી દિલ્હીમાં સંયુક્ત ચર્ચા બાદ સમાધાન બેઠક યોજી હતી. બેઠકમાં ફાઈનાન્સિયલ સર્વિસના અધિકારીઓ, નાણામંત્રાલયના અધિકારીઓ, બેંકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. હડતાળ પર નહીં જવાની અપીલ કરવામાં આવી હતી પરંતુ તેમના દ્વારા ઉઠાવવામાં આવેલી માંગણી તરફ ધ્યાન આપવામાં ન આવતા હડતાળ સાથે આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

## જામીન મંજુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએનએક્સ મિડિયા કેસમાં સીબીઆઈ અને ઈડી દ્વારા જુદી જુદી રીતે તપાસ કરવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે આજે આઈએનએક્સ મિડિયા કેસમાં આંશિક રાહત આપી હતી. જો કે, ચિદમ્બરમને ઈડીની કસ્ટડીમાં હોવાથી કોઈ વધારે રાહત મળનાર નથી. સુપ્રીમ કોર્ટે જામીન આપતા કેટલીક શરતો પણ મુકી હતી. જેલમાંથી મુક્તિ માટેની શરતો આપીને કહ્યું છે કે, ચિદમ્બરમને જેલમાંથી મુક્ત કરવામાં આવી શકે છે પરંતુ કોઈ અન્ય કેસમાં તેમની ધરપકડ નહીં થાય તો જ આ શક્ય બનશે. સાથે સાથે એક લાખ રૂપિયા જામીનની રકમ તરીકે આપવી પડશે.